## ચૂંટણી ચોતરેથી

● પ્રધાનમંત્રી મોદી અને રાહુલ ગાંધીએ આજે ચૂંટણીસભાઓ સંબોધી હતી.

● મોદીના માદરે વતન વડનગરમાં રાહુલ ગાંધીએ ચૂંટણીસભા સંબોધી હતી.

● ડેડીયાપાડાના કાબરી અને મોઝરા ગામની ૭૪૨ મતદારોએ ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો.

● રાજકોટ પૂર્વની બેઠક પર ઉમાકાન્ત ઉદ્યોગનગરમાં ઈવીએમ મશીન બગડતા પોણો કલાક સુધી લાંબી લાઈનો લાગી ગઈ હતી.

● કર્ણાટકના રાજ્યપાલ વજુભાઈ વાળા અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે રાજકોટમાં મતદાન કર્યુ.

● રાજકોટ ગ્રામ્યના કોંગ્રેસના ઉમેદવાર વસરામ સાગઠિયા મતદાન કરતા હોય તેવો વીડિયો રેકોર્ડિંગ વાયરલ થતા તપાસનો આદેશ.

● રાજકોટના અનેક બુથોમાં સાંજે ૫ વાગે મોટી લાઈનો લાગી જતાં પ્રીસાઈડીંગ ઓફિસરે ટોકન આપી મતદાન કરાવ્યુ હતુ.

● જાણીતા કર્મશીલ પ્રવિણ રામે તલાલા ખાતે મતદાન કર્યુ.

● ગીર-સોમનાથના બાણેજ ગામે એક જ મતદાર ધરાવતા મતદાન મથકમાં એક જ સેકન્ડમાં સો ટકા મતદાન.

● મોરબીના ગજડી ગામે પણ ચૂંટણીનો બહિષ્કાર.

● ભાવનગરના કુંભારવાડા વિસ્તારમાં વરરાજા જાનૈયાઓ સાથે મતદાન કરવા પહોંચતા ભાજપના પ્રદેશ અધ્યક્ષ ઉત્સાહ વધારવા પહોંચ્યા હતા.

● ભરૂચ નીલકંઠ નગર મિશ્રશાળા મતદાન મથક પર પોલીસ અધિકારીઓએ પત્રકારો સાથે અસભ્ય વર્તન કરતા હોબાળો મચ્યો હતો.

● રાજકોટ પશ્ચિમ, પોરબંદર અને સુરેન્દ્રનગરની બેઠક પર બ્લુ ટુથથી ઈવીએમ ટેમ્પર કરાયાની ફરિયાદો કોંગ્રેસના ઉમેદવારોએ કરી હતી.

● ભાવનગરના કલાકારોએ મતદાન વધુ કરાવવા રાસ-ગરબાની રમઝટ મતદાન મથકોએ કરી હતી.

● મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ધર્મપત્નિ અંજલીબેન રૂપાણી સાથે મતદાન કર્યું હતું.

● અમરેલીમાં કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણી અને તેમના પત્નિ સામાન્ય મતદારની જેમ સ્કૂટર પર બેસી મતદાન કરવા પહોંચ્યા હતા.

● જાણીતા ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ પિતા અરવિંદ પૂજારા સાથે વહેલી સવારે રાજકોટ ખાતે મતદાન કર્યું હતું.



## ઉપલેટાના ૧૨૬ વર્ષના વૃદ્ધાએ મતદાન કર્યું

રાજકોટના ઉપલેટામાં રહેતા અજીબેન સીદાભાઈ ચંદ્રવાડિયાની ઉંમર ૧૨૬ વર્ષ છે. તેઓ દેશ અને દુનિયાની સૌથી વયોવૃધ્ધ મતદાર છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેઓએ અન્ય લોકો માટે પ્રેરણા મળે તેવું કામ કરી મતદાન કર્યું છે. અજીબેનને બૂથ સુધી લઈ જવા માટે કલેક્ટર તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. અજીબેનના ચૂંટણી કાર્ડમાં ૧-૧-૨૦૦૭ના રોજ તેમની ઉંમર ૧૧૬ વર્ષ દર્શાવાઈ છે. જિલ્લા ચૂંટણી અધિકારી ડો.વિક્રાંત પાંડેએ ઉપલેટા બૂથ લેવલ અધિકારીને અજીબેનના ઘરે મોકલી તેમની ઉંમરની ખરાઈ કરાવી હતી. ઉપલેટામાં રહેતા અજીમાને મતદાન વિશે કહેવામાં આવ્યું ત્યારે જવાબ આપતા કહ્યું હતું કે, બાપલિયા મતદાન તો કરવું જ પડેને. રાજાશાહી અને લોકશાહી બન્ને શાસન વ્યવસ્થા જેમના જીવનનું ભાથું છે એવા અજીમા આજે પણ પરિવારમાં ઘરનું કામ કરે છે. સવાસો વર્ષની આયું હોવા છતાં તચમારી સાથે ફટાફટ વાતો કરે છે.

# હાર્દિકના સોમવારના રોડ શોના પગલે ઘાટલોડીયા, નારણપુરા ભાજપમાં ટેન્શન

ગુજરાતની રાજધાની ગાંધીનગર હોવા છતાં અમદાવાદની રાજકીય ભૂમિકા મહત્વની રહી છે, કારણ અમદાવાદનો મતદાર બોલકો છે.અમદાવાદે અનેક રાજકીય તડકો છાયડો જોયો છે. અમદાવાદે સમૃધ્ધી પણ જોઈ છે, અને અમદાવાદે કોમી તોફાનમાં સળગતા ઘરોની સાથે સળગતતા માણસો પણ જોયા છે. જેના કારણે એક અમદાવાદીનો મત બંધાય તેના અનેક કારણો હોય છે. ૨૫ઓગષ્ટ ૨૦૧૫ના રોજ અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં પીટાદારો દ્વારા યોજવામાં આવેલી સભા બાદ ગુજરાતમાં મોટા પાયે હિંસા ફાટી નિકળી હતી અને ૧૪ પાટીદાર યુવાનોના પોલીસ ગોળીબારમાં મોત પણ નિપજયા હતા.

અમદાવાદમાં બીજા તબ્બકામાં ૧૪ ડિસેમ્બરના રોજ મતદાન થવાનું છે. જેના કારણે હાર્દિક પટેલ દ્વારા તા ૧૧મી ડિસેમ્બરના રોજ અમદાવાદના વિવિધ વિસ્તારમાં રોડ શો અને સભાનું આયોજન કર્યુ છે. અમીત શાહને જનરલ ડાયર તરીકે સંબોધનાર હાર્દિક તા ૧૧મીના રોજ નારણપુરામાં એક રોડ શો કરી રહ્યો છે, આ ઉપરાંત હાર્દિક જેને ફોઈબા કહે છે તેવા પુર્વ મુખ્યમંત્રી



આનંદીબહેન પટેલના મત વિસ્તારમાં ઘાટલોડિયામાં પણ રોજ શો કરી રહ્યો છે. આમ ભાજપના બે દિગ્ગજ નેતા અમિત અને આનંદીબહેનના વિસ્તારામાં હાર્દિકના કાર્યક્રમ સોમવારે થઈ રહ્યા છે. આ બંન્ને વિસ્તારો એવા છે કે જ્યાં કોંગ્રેસ છેલ્લાં બે દાયકાથી ઓફિસ શરૂ કરવી હોય તો પણ મુશ્કેલી અનુભતી હતી, તેમને ઓફિસ અને બુથ માટે કાર્યકરો પણ મળતા ન્હોતા. તેવા વિસ્તારમાં હાર્દિકની રોડ શો થઈ રહ્યો છે.

હાર્દિક પોતાનો રોડ શો બોપલથી શરૂ કરશે અને નારણપુરા અને ઘાટલોડિયા વિસ્તારમાંથી પસાર કરી બાપુનગર જેવા વિસ્તારમાં જયા પટેલોની બહુમતી છે તેવા વિસ્તારમાં પણ જશે ત્યાંથી નિકોલ વિસ્તારમાં જશે અને ત્યાં હાર્દિક સભા પણ કરવાનો છે. આમ પહેલી વખત અમદાવાદના શહેરી વિસ્તારમાં ભાજપ સામે આ પ્રકારનું શકિત પ્રદર્શન થઈ રહ્યું છે, જોવાનું કે હાર્દિકનો આ શો ૧૪ ડિસેમ્બરના રોજ કેટલો ચમત્કારી સાબીત થઈ રહ્યો છે.

# પાટીદારને અનામતનું વચન ગેરમાર્ગે દોરવાનું કૃત્ય છે

અમદાવાદ,તા. ૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના બીજા તબક્કા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પણ ઝંઝાવતી પ્રચારનો દોર જારી રાખ્યો હતો. મોદીએ પોતાની રેલીમાં પાટીદાર અનામતને લઈને કોંગ્રેસે આપેલી ખાતરીનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, કોંગ્રેસે એવા વચનો આપ્યા છે જે પુરા થઈ શકે તેમ નથી. ભૂતકાળમાં મુસ્લિમોને ક્વોટાના વચનો આપવામાં આવી ચુક્યા છે જે પુરા થયા નથી. મોદીએ કહ્યું હતું કે, પાટીદાર સમુદાયને અનામત આપવાનું વચન હવે આપ્યું છે જે કાયદાકીયરીતે પૂર્ણ થઈ શકે તેમ નથી. પ્રથમ તબક્કાના મતદાનના દિવસે મોદીએ જુદા જુદા વિસ્તારમાં રેલી કરી હતી જેમાં લુનાવાડા, બોડેલી અને મહેસાણામાં સભાઓ કરી હતી જેમાં કોંગ્રેસ પાર્ટી ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. મોદીએ રેલીમાં ઉપસ્થિત લોકોને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, જુદા જુદા રાજ્યોમાં મુસ્લિમોને અનામત આપવાનું કોંગ્રેસે વચન આપ્યું છે. આ વચન કોંગ્રેસ પાળી શકી નથી. કોંગ્રેસ અને પાસ વચ્ચે અનામતનો મુદ્દો મોદીએ ઉઠાવ્યો હતો અને આની વિગત પણ જાહેર કરી શકાય નથી. યુવા નેતા અલ્પેશ ઠાકોરને તરફેણમાં લઈને ઓબીસી મત ખેંચવાના પ્રયાસ કોંગ્રેસ દ્વારા કરાયા છે. મોદીએ પોતાના ભાષણમાં કહ્યું હતું કે, રાજ્યસભામાં તેમના આંકડા કોંગ્રેસ સાથે હોવા છતાં કંઈ પણ કર્યુ નથી. બંધારણીય દરજ્જો મળવાથી ઓબીસી પંચને રોકવાનું કામ કર્યુ છે. મોદીએસાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ વખતની ચૂંટણીમાં કોંગ્રેસ એટલી નિરાશ છે અને એવી હતાશ અને નિરાશ છે કે આડેધડ નિવેદન કરાઈ રહ્યા છે. પોતાના ઘરમાં જ જેમનું કંઈ ઉપજતું ન હોય તેમનું ગુજરાતમાં ક્યાંથી ઉપજે તેવો પ્રશ્ન કર્યો હતો. આખા ગુજરાતના હૃદય પર કોંગ્રેસે ચોટ પહોંચાડી છે. ભારત દેશ મારો બાપ અને મા છે. હું એક સંતાનની જેમ ભારતની સેવા કરતો રહીશ. કોંગ્રેસે પછાત, દલિત અને આદિવાસી સમાજનો વોટબેંક તરીકે જ ઉપયોગ કર્યો છે.

# પ્રથમ તબક્કો... પ્રથમ નજરે

### અહેમદ પટેલે મતદાન કર્યું, કોંગ્રેસ ૧૧૦થી વધુ બેઠકો જીતશે

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધીના પોલિટિકલ એડવાઈઝર અહેમદ પટેલે આજે વોટિંગ કર્યું હતું. તેમણે ભરૂચના અંકલેશ્વરમાં મતદાન કરીને પોતાનો વોટ આપ્યો હતો. વોટ આપ્યા બાદ અહેમદ પટેલે દાવો કર્યો હતો કે, ગુજરાતમાં કોંગ્રેસ ૧૧૦થી વધુ સીટ જીતશે. અહેમદ પટેલે બીજેપી પર પરોક્ષ રૂપે ૧૧૦ની વધુ સીટ જીતશે. આ સાથે જ તેમણે બીજેપી પર પરોક્ષ રૂપે નિશાન સાધતા કહ્યું કે, રાજ્યમાં સતત લોકો બીજેપીથી પરેશાન થઈ રહ્યા છે.

### મોઢવાડિયાનો આક્ષેપ : ઈવીએમ બ્લ્યુટુથથી કનેક્ટ કરેલા છે

છેલ્લા ઘણા સમયથી ઈફસ હેક થતા હોવાના મામલે આક્ષેપો થતા રહે છે. તેવી સ્થિતિ વચ્ચે આજે ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરતા કોંગ્રેસના નેતા અર્જુન મોઢવાડિયાએ ઈફસ બ્લુ ટુથથી હેક થતા હોવાનો આક્ષેપ કર્યો છે. આજે સવારે તેઓએ મતદાન મથકે મતદાન કર્યું હતું. ત્યાર બાદ મોઢવાડિયાએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, ઈવીએમ મશીન બ્લુટુથથી કનેક્ટ થાય છે. મોબાઈલના સ્ક્રિન શોટ સાથે આ મામલે ચૂંટણી તંત્રમાં ફરિયાદ કરવાનું તેણે જણાવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, મોઢવાડિયા હાલની ચૂંટણીમાં પોરબંદર વિધાનસભા બેઠકના ઉમેદવાર પણ છે. ફરી એક વખત ઈવીએમ સામે ઉઠેલા આ સવાલોને લઈને લોકોમાં ચર્ચા જાગી છે. જો કે અગાઉ ચૂંટણી તંત્ર દ્વારા ઈવીએમ હેક કરી બતાવવા માટે ખૂલ્લો પડકાર ફેંક્યો હતો. જેનો કોઈ પણ રાજકીય પક્ષ કે નેતાએ પ્રતિભાવ આપ્યો નહોતો.

### રાહુલ ગાંધીએ 'વિકાસ'ને લઇ પૂછ્યો ૧૧મો સવાલ

ગુજરાતમાં પહેલા ચરણનું મતદાન શરૂ થઈ ગયું છે અને મતદાન બૂથ પર લોકોની લાંબી લાઈન પણ લાગી છે. ત્યારે રાહુલ ગાંધીએ એકવાર ફરીથી પીએમ મોદી અને બીજેપી પર ટ્વિટરથી નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, ગુજરાતમાં ૨૨ વર્ષોથી ભાજપની સરકાર છે, આખરે કેમ આ વખતે પીએમ મોદીના ભાષણોમાંથી વિકાસ ગાયબ છે. રાહુલે કહ્યું કે, મેં ગુજરાતના રિપોર્ટ કાર્ડથી ૧૦ સવાલ પૂછ્યા હતા, પંરતુ તેનો જવાબ મળ્યો નથી. પહેલા ચરણનો પ્રચાર ખત્મ થવા સુધી ઘોષણા પત્ર પણ નથી આપ્યું. તેમણે તંજ કસતા કહ્યું કે, આખરે કેમ ભાષણ જ શાસન છે. રાહુલે ગુજરાતમાં પહેલા ચરણમાં મતદાન કરતા જનતા સાથે અપીલ કરતા કહ્યું કે, મતદાતાઓની ભાગીદારી લોકતંત્રની આત્મા હોય છે.

### ભાજપ ૧૫૦થી વધુ બેઠકો જીતશે જ : વિજય રૂપાણી

ગુજરાતમાં પહેલાં તબક્કાનું મતદાન શરૂ થતાની સાથે જ સીએમ વિજય રૂપાણીએ રાજકોટમાં પોતાનું વોટ નાંખ્યો. તેમણે લોકોને મોટી સંખ્યામાં બહાર આવીને વોટ કરવાની અપીલ કરતાં કહ્યું કે અમને અમારી જીતનો પૂરો વિશ્વાસ છે, કોઈપણ પ્રકારના પડકારનો કોઈ પ્રશ્ન જ નથી. ગુજરાતમાં શાંતિપૂર્વક મતદાન થઈ રહ્યું છે, લોકો સમયનો સદઉપયોગ કરે અને ૧૦૦ ટકા મતદાન કરો. સીએમ વિજય રૂપાણી, રાજકોટ પશ્ચિમની સીટ પર કોંગ્રેસના ઈન્દ્રનીલ રાજ્યગુરૂની સામે ચૂંટણી લડી રહ્યાં છે.

### ફક્ત ૫ સેકન્ડમાં જ થઇ ગયું ૧૦૦ ટકા મતદાન !

સમગ્ર દેશમાં એક મતદાન મથક એવું છે જે મતદાન મથક પર એક જ વોટ પડે એટલે ૧૦૦ ટકા મતદાન થઈ જાય. ગુજરાતનું આ મતદાન મથક ગીરના ગાઢ જંગલમાં આવેલુ છે. જ્યાં રહેતા મહંતના એક વોટની કિંમત એટલી છે કે તેના માટે ખાસ મતદાન મથક ઉભું કરવામાં આવે છે. ગીર સોમનાથ...

### ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ રાજકોટથી મતદાન કર્યું

રાજ્યમાં પ્રથમ તબક્કાનું મતદાન શરૂ થઈ ગયું છે. એવામાં રાજકોટથી મોટા મોટા દિગ્ગજ નેતાઓ મતદાન કરી રહ્યા છે. રાજકોટથી જ ક્રિકેટર ચેતેશ્વર પૂજારાએ પણ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પૂજારા પોતાની ગાડી લઈને સવારે ૧૦ વાગ્યે જ મતદાન માટે પહોંચી ગયા હતા. પૂજારાએ રાજકોટના રવિ વિદ્યાલયના મતદાન મથકેથી પોતાનો મત આપ્યો હતો. જો કે આ વખતે પૂજારા પોતાના બૉડીગાર્ડ સાથે આવ્યો હતો.

### જૂનાગઢમાં બીએસએફના જવાન અને પાસ કન્વીનર અમિત પટેલ વચ્ચે ઘર્ષણ

જૂનાગઢમાં બેસ્ટ સ્કુલમાં મતદાન મથકમાં મ્જીહ્લના જવાન અને પાસ કન્વીનર અમિત પટેલ વચ્ચે ઘર્ષણ થયુ છે. અમિતને સુરક્ષા કર્મચારીએ બુથમાંથી બહાર કાઢ્યો. અમિત પટેલના સમર્થકોએ મોબાઈલનો ઉપયોગ કર્યો હોવાનો સુરક્ષા કર્મચારીનો આરોપ છે. જેથી અમિત પટેલના ફોન સુરક્ષા કર્મચારીએ કબજે કર્યા અમિત પટેલના સમર્થકોએ મતદાન કરતી વખતનો ફોટો પાડતા ઘર્ષણ થયુ. પાસના કાર્યકરો મોબાઈલનો ઉપયોગ કરતા જેથી અમિત પટેલ અને પોલીસ જવાન વચ્ચે ઘર્ષણ સર્જાયુ. અમિત પટેલ અને સુરક્ષા દળો વચ્ચે ઝપાઝપી થઈ.

### ભાજપ નેતાએ ખેસ પહેરીને તો કોંગી નેતાએ મતદાન કરતો વિડિયો ઉતાર્યો

વિધાનસભાની પ્રથમ તબક્કાના મતદાનની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, ત્યારે રાજકોટ ગ્રામ્ય બેઠકના કોંગ્રેસના ઉમેદવાર વસરામ સાગઠિયા વિવાદમાં ફસાયા છે, સાગઠિયા મતદાન કરી રહ્યા હતા ત્યારે તેમની પાછળ અન્ય એક વ્યક્તિ શૂટિંગ કરી રહ્યો હોવાનો વીડિયો વાયરલ થયો છે. તો રાજકોટ પૂર્વ બીજેપીના ઉમેદવાર અરવિંદ રૈયાણીએ ખેસ પહેરીને મતદાન કર્યું હતું, જેને લઈને વિવાદ સર્જાયો છે. સમગ્ર બાબતે ચૂંટણીપંચે તપાસના આદેશ આપ્યા છે. રાજકોટ ગ્રામ્ય બેઠકના કોંગ્રેસના ઉમેદવાર વસરામ સાગઠિયાને લઈને વિવાદ સર્જાયો છે, વસરામ સાગઠિયાનો મતદાન કરતી વખતે એક વ્યક્તિ શૂટિંગ કરી રહ્યો હોવાનો વીડિયો વાયરલ થયો છે, નિયમ પ્રમાણે કોઈ વ્યક્તિ મતદાન કરે ત્યારે મોબાઈલથી શૂટિંગ કરવાની મનાઈ હોય છે, એવામાં વસરામ સાગઠિયાના વીડિયોથી વિવાદ સર્જાયો છે, જો કે વીડિયો ઉતારનાર વ્યક્તિ કોણ છે, તે અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

### દુલ્હને મતદાન કરી ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડ્યું

ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પ્રથમ તબક્કાનું મતદાન શરૂ થઈ ગયું છે. દક્ષિણ ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છ સહિત ૧૯ જિલ્લાની ૮૯ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. ત્યારે અનેક સ્થળે મતદાનમાં અનેક ઉદાહરણરૂપ કિસ્સાઓ સામે આવી રહ્યાં છે. અંકલેશ્વરમાં શ્વેતા ચૌહાણની લગ્નની વિધિ દરમિયાન તેમણે મતદાન કરીને સમગ્ર સમાજ માટે એક પ્રેરણારૂપ કિસ્સો રજૂ કર્યો છે. અંકલેશ્વર જીઆઈડીસીમાં રહેતી શ્વેતા ચૌહાણની લગ્નની વિધિ ચાલી રહી હતી, પરંતુ લોકશાહીના પર્વની ઉજવણીમાં પોતાના અમૂલ્ય યોગદાનને નિભાવવા માટે શ્વેતાએ પોતના પરિવારજનો સાથે મતદાન મથક પર જઈને મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

### સુરતમાં પહેલીવાર વોટિંગ કરતાં યુવાનોએ મતદાન કરી ગરબાની રમઝટ બોલાવી

૧૮ વર્ષ પૂર્ણ કરનાર સુરતના યુવા મતદારોમાં ભારે જોશ અને જુસ્સો જોવા મળ્યો હતો. લોકશાહીના પર્વમાં હાથમાં મતદાનની શાહી લગાવીને યુવાનો ગરબે ઝૂમી ઉઠ્યાં હતાં. સુરતના મજૂરા વિધાનસભા બેઠકમાં આવતા પાર્લેપોઈન્ટ ખાતે પ્રથમ વખત મત આપનાર યુવાનો પોતાનો મત આપી આ દિવસને પર્વ સમજી ઉજવ્યો હતો. મત આપ્યા બાદ તમામ યુવાનો પોતાના ગ્રુપ સાથે એકત્ર થઈ ગરબે ઘૂમી ઉજવણી કરી હતી.જોકે યુવાનોએ પ્રથમ વખત દેશ માટે મત આપી પોતાને ગૌરવ અનુભવ્યું હતું.યુવાનોએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય પર્વ છે અને તંદુરસ્ત લોકશાહી માટે પહેલીવાર મતદાન કર્યુ હતું. ત્યારે પ્રથમવારના મતદાનને યાદગાર બનાવવા માટે તેમણે ગરબાના તાલે ઝુમીને અનોખી રીતે ઉજવણી કરી હતી.

# બલવાન સમય છે, મનુષ્ય નહીં : ત્રણ સિંહોની કહાની- ઉદય થી અસ્તઃ આજે ન.મો. ની ત્રાડ

સમય સમય બલવાન હે, નહીં મનુષ્ય બલવાન, કાબે અર્જુન લૂંટિયો, વહી ધનુષ, વહી બાણ.,,, સમય જ બલવાન છે. મનુષ્ય બલવાન નથી. નોપોલિયન અને હિટલરના દાખલા મોજૂદ છે. જેની કાલ ઉજળી હતી તેની આજ અંધકારમય છે. અને જે પહેલાં અંધકાર ઓઢેલા હતા તેઓ સૂરજના કિરણો બની રહ્યાં છે. ના જાણ્યું જાનકીનાથે (રામે) સવારે શું થવાનું છે ? રાજગાદી કે વનવાસકાળ ! ભાતભાતના, ભલભલા ધૂરંધરો કે પામર, સમયના સાનુકૂળ સથવારે કે પ્રતિકૂળ નોધારે રાય મટી રંક અને રંક મટી રાય બન્યાં ! તુલસીદાસે ગાયું છે – 'તુલસી ઈસ સંસારમેં ભાતભાત કે લોગ, સબસે હિલમિલ ચાલિયો, નદી-નાવ-સંજોગ...'

એ દિવસો હતા કે કોંગ્રેસનો સૂર્ય મધ્યાહ્ને તપતો હતો. ૧૯૮૦ પહેલાંનું ભારત અને ગુજરાત... વિપક્ષો આંગળીના વેઢે ગણી શકાય તેટલા હતા. ભાજપનું નામોનિશાન ન હતું. ગુજરાત કોંગ્રેસમાં કરિશ્માયુક્ત નેતાઓની ફોજ હતી. ત્રણ સિંહોનું રાજ હતું. આ ત્રણ સિંહમાં માધવસિંહ સોલંકી, અમરસિંહ ચૌધરી અને મનોહરસિંહ જાડેજા હતા. આ ત્રણ સિંહ ભાજપને ભારે પડતા હતા. સિંહ જેમ હરણનો શિકાર કરે તેમ આ ત્રણ સિંહો ભાજપનરૂપી હરણને ગળી જતા હતા. માધવસિંહની તાકાત હતી કે જેઓ ત્રણ ત્રણ વાર મુખ્યમંત્રી બન્યા છે. ગુજરાતમાં પાંચ વર્ષ પૂરાં કરનારા જો કોઈ પહેલા નેતા હોય તો તે માધવસિંહ સોલંકી હતા. તેમના પછી નરેન્દ્ર મોદીએ સત્તામાં પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે. માધવસિંહના સમયમાં કોંગ્રેસે ૧૮૨ માંથી ૧૪૯ બેઠકો મેળવી હતી. એ સમયે કોંગ્રેસનો સુવર્ણકાળ હતો પરંતુ આટલી બેઠકો છતાં માધવસિંહ સુખેથી રાજ કરી શક્યા ન હતા.

કોંગ્રેસમાં આજે પણ બે સિંહ નામધારી- ભરતસિંહ સોલંકી અને શક્તિસિંહ ગોહિલ છે પરંતુ તેમની પર નરેન્દ્ર મોદી -નમો- ભારે છે. ૧૯૯૫ પછી કોંગ્રેસ પાસે એવો કોઈ માસ લિડર રહ્યો નથી કે જે કોઈ જિલ્લો કે પ્રદેશ નહીં સમગ્ર ગુજરાતની ધરતી પર લોકપ્રિય હોય... પ્રદેશ કોંગ્રેસ પાસે શક્તિસિંહ ગોહિલ, અર્જુન મોઢવાડિયા, તુષાર ચૌધરી, સિદ્ધાર્થ પટેલ અને ભરતસિંહ સોલંકી જેવા નેતાઓ છે પરંતુ તેઓ સમગ્ર ગુજરાતનું સંચાલન કરી શકે તેટલી હાઈટ ધરાવતા નથી. મોદીની આભા સામે તેઓ વામણા સાબિત થાય છે.




કોંગ્રેસમાં આજે કરિશ્માયુક્ત નેતાનો શૂન્યાવકાશ સર્જાયેલો છે. બે સિંહો હોવા છતાં તેમની પર નરેન્દ્ર મોદી ભારે પડે છે. આને કહેવાય સમય. સમય જ બલવાન છે. એવું કહેવાય છે કે ૨૦૧૭માં જો ભાજપની ૧૫૦ પ્લસ બેઠકો આવશે તો ભાજપ માટે વધુ મુશ્કેલી સર્જાશે, કેમ કે વધારે પડતી બેઠકો ક્યારેક આફત બનીને આવે છે. લોકોની અપેક્ષા વધતી જાય છે અને સત્તાધીશો સત્તાના મદમાં ધરતીથી બે ઈંચ ઉપર ચાલતા હોય છે.

૧ થી ૧૦૦માં મોદી છે પરંતુ કોંગ્રેસમાં આખા દેશને લોકપ્રિય એવો કોઈ રાષ્ટ્રીય નેતા નજરમાં આવતો નથી. મોદીએ એ સાબિત કર્યુ છે કે કાર્યકરોના ટોળાં સાથે રાખીને ચૂંટણીમાં વિજય મેળવાતો નથી પરંતુ સ્ટેટેજી અને આક્રમકતાથી વિજય હાંસલ થાય છે. હજી મોડું થયું નથી, કોંગ્રેસે નવા યુવાનોની સંખ્યાબંધ ભરતી કરીને પાર્ટીને એક નવો મોડ આપવાનો સમય આવી ગયો છે. મજબૂત શાસક પક્ષની સાથે મજબૂત વિરોધપક્ષ હોવો જરૂરી છે. સત્તા માટે નહીં તો મજબૂત વિરોધપક્ષ માટે કોંગ્રેસે પ્રયાસ કરવા જોઈએ.

કોંગ્રેસ મુક્ત ગુજરાતનો નારો કોંગ્રેસ મુક્ત ઈન્ડિયામાં પરિવર્તિત થઈ રહ્યો છે ત્યારે ગુજરાત કોંગ્રેસના નેતાઓ માટે એલાર્મિંગ સિચ્યુએશન આવીને ઉભી છે. પાંચ રાજ્યોની ચૂંટણીમાં ભાજપે દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશ ઉપર પક્કડ જમાવી દીધી છે અને હવે વારો ગુજરાતનો આવ્યો છે. મોદી માટે ગુજરાત નસીબદાર છે. ૧૩ વર્ષના શાસન પછી મોદી જ્યારે પ્રાઈમ મિનિસ્ટરના કેન્ડિડેટ બન્યા ત્યારે આ જ ગુજરાતે તેમને દેશમાં સૌથી મોટી સફળતા આપી છે. મોદીને આશા છે કે ગુજરાતની જનતા ફરીથી ૨૦૧૭માં તેમને સાથ આપીને ૨૦૧૯ની વૈતરણી પાર ઉતારશે.

ગુજરાતની રાજકીય સ્થિતિ ભાજપ માટે અત્યારે સાનુકૂળ છે. ધસાયેલી કોંગ્રેસ ઉપર ઉઠવાની જગ્યાએ ધરતીમાં સમાઈ રહી છે. પ્રદેશના નેતાઓ વચ્ચેના ખટરાગના કારણે કોંગ્રેસને છેલ્લા બે દસકામાં સૌથી મોટું નુકશાન થયું છે છતાં પ્રદેશના નેતાઓ ભાજપને ફાયદો થાય તેવા રાજકીય સ્ટેપ ભરી રહ્યાં છે.

હાઈકમાન્ડની વારંવારની સૂચનાઓ છતાં ગુજરાતમાં કોંગ્રેસના નેતાઓ એક હરોળમાં બેસી શકતા નથી. ગુજરાતમાં માધવસિંહ સોલંકી અને અમરસિંહ ચૌધરીનો યુગ પૂર્ણ થયો છે. નવા યુગમાં કોંગ્રેસના હાલના નેતાઓ અત્યંત વામણા સાબિત થઈ રહ્યાં છે. બીજાની લિટી નાની કરવામાં લાગેલા આ નેતાઓ ગુજરાતની જનતાના કલ્યાણ માટેની કોઈ યોજના બનાવી શકતા નથી.

કોંગ્રેસ અને ભાજપમાં એક જ ફરક છે- ભાજપ માઈક્રો પ્લાનિંગ સાથે એક વર્ષ અગાઉ ચૂંટણીની તૈયારી કરે છે જ્યારે કોંગ્રેસ ચૂંટણીના આગળના બે મહિનામાં જ સક્રિય બની શકે છે પરિણામે કોંગ્રેસને પ્રચારનો સમય મળતો નથી અને ભાજપને છેલ્લા દિવસોમાં મોદી હોવાથી કોઈ ચિંતા સતાવતી નથી.

## 'કોંગ્રેસ મુક્ત ગુજરાત'નો નારો 'કોંગ્રેસ મુક્ત ઇન્ડિયા'માં પરિવર્તિત થયો છે : સમગ્ર દેશમાં અને ગુજરાત કોંગ્રેસના લિડરો માટે એલાર્મિંગ સિચ્યુએશન : કોંગ્રેસ પાસે કરિશ્માયુક્ત નેતા જ નથી, જે છે તે આગળ આવવા દેવાતા નથી